**શ્રી પી.એન.પંડયા આર્ટ્સ, એમ.પી.પંડયા સાયન્સ એન્ડ શ્રીમતી ડી.પી.પંડયા કોમર્સ કોલેજ–લુણાવાડા, જિ.મહીસાગર**

<u>લેબ આસીસ્ટન્ટ માટેની અગત્યની સુચના :–</u>

<u>પરીક્ષા પદ્ધતિઃ– જા.ક્ર.૨૩૭/૨૦૨૪૨૫ થી ૨૫૨ /૨૦૨૪૨૫ માટે</u>

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંકઃ ભરત/૧૦૨૦૨૩/ ૬૩૮૯૩૭ / ક થી સીધી ભરતીથી જગ્યાઓ ભરવા માટે ઠરાવેલ પરીક્ષા પદ્ધતિ અનુસાર પરીક્ષા એક તબક્કામાં **MCQ** પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ જાહેરાત માટે રજીસ્ટર્ડ થયેલ ઉમેદવારોની સંખ્યાના આધારે એક સેશન અથવા મલ્ટી સેશનમાં લેવામાં આવશે.મલ્ટી સેશનમાં પરીક્ષા યોજવાના સંજોગોમાં યોગ્ય સ્કેલીંગ પદ્ધતિથી મુલ્યાંકન કરવામાં આવશે.પરીક્ષાઃ **Part-A** અને **Part-B** એમ બે ભાગમાં લેવામાં આવશે. (પ્રશ્નપત્રનું લેવલ શૈક્ષણિક લાયકાતને સમકક્ષ રહેશે).

**Part-A**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | તાર્કિક કસોટીઓ તથા Data Interpretation | ૩૦ |
| ૨ | ગાણિતીક કસોટીઓ | ૩૦ |
| | કુલ ગુણ | ૬૦ |

**Part-B**

| ક્રમ | વિષય | ગુણ |
|---|---|---|
| ૧ | ભારતનું બંધારણ,વર્તમાન પ્રવાહો,ગુજરાતી અને અંગ્રેજી કોમ્પ્રીહેન્સન | ૩૦ |
| ૨ | સંબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો | ૧૨૦ |
| | કુલ ગુણ | ૧૫૦ |

<u>નોંધઃ</u> અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

(૧) **Part-A** માં કુલ ૬૦ પ્રશ્નો અને **Part-B** માં કુલ ૧૫૦ પ્રશ્નો એમ કુલ ૨૧૦ પ્રશ્નો પૂછવામાં આવશે. **Part-A** અને **Part-B** બંને માટે સંયુકત રીતે કુલ ૩ કલાક (૧૮૦ મિનિટ) નો સમય મળવાપાત્ર થશે.

(૨) **Part-A** અને **Part-B** નું સ્વતંત્ર(અલાયદું) **Qualifying Standard** રહેશે.

(૩) સ્પર્ધાત્મક પરીક્ષાના **Part-A** માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% અને **Part-B** માટે ન્યુનતમ ગુણવત્તા ધોરણ ૪૦% રાખવામાં આવેલ છે. તેમાં કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતા ઓછું ન્યુનતમ ગુણવત્તા ધોરણ **(Qualifying Standard)** કોઈ પણ સંજોગોમાં નક્કી કરી શકાશે નહી. પરીક્ષાના **Part-A** અને **Part-B** માં ન્યુનતમ ગુણવત્તા ધોરણ **(Qualifying Standard)**

જાળવીને કુલ ગુણના આધારે કુલ જગ્યાના આશરે બે ગણા ઉમેદવારોને પ્રમાણપત્રોની ચકાસણી માટે મંડળ દ્વારા લાયક(કવોલીફાય) ગણવામાં આવશે.

(૪) જે તે સંવર્ગની જાહેરાત અન્વયે મંડળ ધ્વારા તે સંવર્ગની **MCQ** પધ્ધતિથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા લેવામાં આવશે.

(૫) **M.C.Q.** પદ્ધતિમાં ખોટા જવાબ આપવાના સંજોગોમાં પ્રશ્નને ફાળવેલ માર્કના 1/4 માર્ક ઓછા કરવામાં આવશે. એટલે કે નેગેટીવ માર્કીંગ પદ્ધતિ અપનાવવામાં આવશે.

(૬) કોઈ કારણોસર પ્રશ્ન રદ કરવામાં આવે તો, તેવા સંજોગોમાં રદ થયેલ પ્રશ્નના ગુણની બાકી રહેલ પ્રશ્નના ગુણભારમાં પ્રો–રેટા (Pro- Rate) મુજબ ગણતરી કરવામાં આવશે.

સ્થળ: લુણાવાડા

તારીખ: ૨૩/૦૯/૨૦૨૫

આચાર્યશ્રી,
**ઈન્ચાર્જ પ્રિન્સીપાલ**
**શ્રી પી.એન. પંડયા આર્ટસ, શ્રી એમ. પી. પંડયા સાયન્સ,**
**એન્ડ શ્રીમતી ડી. પી. પંડયા કોમર્સ કોલેજ-લુણાવાડા**
**જિ. મહીસાગર-૩૮૯ ૨૩૦**